Paper Code - 3563

B.A. Semester-III (Philosophy)
July-September-2021
CE -303 : સૌંદર્યમીમાંસા

કુલ સમય :– ૬૦ મીનીટ **કુલ પ્રશ્નો : ૫૦** **વિદ્યાર્થીએ ટીક કરવાના પ્રશ્નો : ૩૫**

નોંધ : વિદ્યાર્થીએ માત્ર ૩૫ પ્રશ્નો જ ટીક કરવાના રહેશે. જો વધારે ટીક કરેલ હશે તો પ્રથમ ૩૫ પ્રશ્નો જ ગણતરીમાં લેવામાં આવશે.

1. સૌંદર્યના કયા પાયાને મોટાભાગના તત્વજ્ઞાનીઓ પસંદ કરે છે?
(A) વ્યાપ્તિ (B) નિગમન (C) બંને (D) એક પણ નહિ
2. સૌંદર્યલક્ષી વલણોના કેટલા પ્રકાર પડે છે?
(A) એક (B) ચાર (C) ત્રણ (D) બે
3. નીચેનામાંથી સૌંદર્યલક્ષીની સામાન્ય લાક્ષણિકતા કઈ છે?
(A) તટસ્થતા (B) અનાશક્તિ (C) આત્મસંયમ (D) બુદ્ધિસંયમ
4. "કવિની સૃષ્ટિને નિત્ય હોય છે" એ લખનાર કવિ કલાનું સમર્થન કરે છે એમનું નામ જણાવો.
(A) મમ્મટ (B) કાલિદાસ (C) માઘ (D) ભાસ
5. આધુનિક તત્વજ્ઞાનીઓએ આપેલા કલાના પ્રકારો કેટલા છે?
(A) ત્રણ (B) ચાર (C) પાંચ (D) એક
6. પાંચેય જ્ઞાનેન્દ્રિયોને જીવંત અને આનંદમય બનાવી દે તે કળાનો પ્રકાર કયો છે?
(A) સાહિત્યકલા (B) મિશ્રકલા (C) દ્રશ્ય-શ્રાવ્યકલા (D) એકપણ નહિ
7. મનોનુપુર એ ચાર ભાગના પુસ્તકોમાં કોની વિવેચન પ્રવૃત્તિ જોવા મળે છે?
(A) નરસિંહરાવ દિવેટિયા (B) ગોવર્ધનરાય ત્રિપાઠી (C) રમણભાઈ નીલકંઠ (D) કોઈ નહિ
8. ગુજરાતી સાહિત્યમાં પશ્ચિમના સંપર્કથી જે નવુ જ્ઞાન આવ્યુ તેને આવકારનાર કવિ કોણ હતા?
(A) નર્મદ (B) આનંદશંકર ધ્રુવ (C) નવલરામ (D) મણિલાલ
9. સુથારીકામ, સોનીકામ, દરજીકામ વગેરે કયા પ્રકારની કલાઓ છે?
(A) સામાન્યકલા (B) લલિતકલા (C) બંને (D) કલાકૃતિ
10. સૌંદર્યશાસ્ત્રની શોધના પ્રકાર કયા છે?
(A) આકાર વિષયક (B) આશય વિષયક (C) બંને (D) એકપણ નહિ
11. ઈ.સ.ના ૩જા દાયકામાં સારા નાગરિક બનવા માટે કેટલી કલાઓનું જ્ઞાન હોવું જરૂરી છે?
(A) 64 (B) 46 (C) 20 (D) 90
12. બધી કલાઓમાં કઈ કલાને સૌથી ઉત્તમ ગણવામાં આવે છે?
(A) મિશ્રકલા (B) સાહિત્યકલા (C) દ્રશ્ય-શ્રાવ્યકલા (D) ત્રણેય
13. માનવજીવનમાં સાધવા યોગ્ય મુલ્યો કેટલા છે?
(A) સત્યમ (B) શિવમ (C) સુંદરમ (D) ત્રણેય મુલ્યો
14. ચારેબાજુ અજ્ઞાન ફેલાયેલું હોય ત્યારે હૃદયની દુર્બળતા તેમજ નકામી પ્રવૃતિઓનો બચાવ કરનારનું સાહિત્ય પેદા ન કરીને- કાકા કાલેલકરના આ વિધાનમાં કોની વાણીનો પડઘો સંભળાય છે?
(A) વિનોબા ભાવે (B) ગાંધીજી (C) મહાદેવભાઈ દેસાઈ (D) એકપણ નહિ
15. ભારતીય કાવ્યમીમાંસા અને પશ્ચિમી કાવ્યમીમાંસા બંનેને સ્વીકારી સમન્વયાત્મક માર્ગ સ્વીકારનાર સાહિત્યકાર કયા?
(A) નરસિંહરાવ દિવેટિયા (B) બળવંતરાય ઠાકોર (C) આનંદશંકર ધ્રુવ (D) ત્રણેય
16. "નર-પશુને જે ઉત્તમ બનાવી શકે તે સાહિત્ય" આશબ્દો કયા સાહિત્યકારના છે?
(A) ગાંધીજી (B) કાકા કાલેલકર (C) કનૈયાલાલ મુનશી (D) એકપણ નહિ
17. સાક્ષરયુગના સાહિત્યકાર, આદર્શવાદી, ભાવનાવાદી એવા સાહિત્યકારનું નામ જણાવો.
(A) કનૈયાલાલ મુનશી (B) રમણલાલ નીલકંઠ (C) દર્શક (D) ત્રણેય
18. "મારો ધર્મ ખાસ કરીને કવિનો ધર્મ છે" આ શબ્દો કોના છે?
(A) રવિન્દ્રનાથ ટાગોર (B) નર્મદ (C) દર્શક (D) રમણભાઈ દેસાઈ
19. જૈન અને બૌદ્ધ ગ્રંથોના આધારે કલાની સંખ્યા કેટલી છે?
(A) 95 (B) 59 (C) 45 (D) 64
20. જગતનો સર્વશ્રેષ્ઠ અને પ્રાચીન વેદ કયો?
(A) ઋગ્વેદ (B) યજુર્વેદ (C) અથર્વવેદ (D) સામવેદ
21. સામ્યવાદ,ગાંધીવાદના વિરોધી પરિબળ દર્શાવતા વિચારકો જણાવો.
(A) કનૈયાલાલ મુનશી, રમણભાઈ દેસાઈ, દર્શક (B) નરસિંહરાવ દિવેટિયા, કનૈયાલાલ મુનશી, આનંદશંકર ધ્રુવ
(C) રમણભાઈ દેસાઈ, આનંદશંકર ધ્રુવ, દર્શક (D) બધાજ
22. જે વલણ ઇન્દ્રિય આનંદ આપે, સ્વાર્થથી જોડાયેલો હોય તે કયું વલણ કહેવાય?
(A) બિનસૌંદર્યલક્ષી (B) સૌંદર્યલક્ષી (C) બંને (D) એકપણ નહિ
23. મહાદેવભાઈ, કાકા કાલેલકર, વિનોબા ભાવે પર કોનો પ્રભાવ હતો?
(A) ગાંધીજી (B) નરહરી (C) બકોર ઠાકોર (D) એકપણ નહિ
24. જે વલણો સ્થાયી હોય, શુદ્ધ આનંદ આપનારા હોય તે કેવું વલણ કહેવાય?
(A) સૌંદર્યલક્ષી (B) બિનસૌંદર્યલક્ષી (C) બાહ્યસૌંદર્ય (D) એકપણ નહિ

25. “સાચી કલાદ્રષ્ટિ કેળવાય તે માટે વિષય, વ્યક્તિ,વિભક્તિ અત્યંત જરૂરી બાબત છે.” આ શબ્દો કોના છે?
(A) સૌંદર્યલક્ષી (B) બિનસૌંદર્યલક્ષી (C) બાહયસૌંદર્ય (D) એકપણ નહિ

26. કલાએ આંતરિક બાબત છે, આ વિચાર કયા તત્વચિંતકનો છે?
(A) ક્રોચ (B) એરીસ્ટોટલ (C) પ્લેટો (D) કેન્ટ

27. કયા પ્રકારનું સૌંદર્ય પૂર્ણતાનો ભાવ પ્રગટ કરે છે?
(A) ઈશ્વર સર્જિત સૌંદર્ય (B) માનવ સર્જિત સૌંદર્ય (C) બંને (D) એકપણ નહિ

28. બુદ્ધિ અને લાગણી વચ્ચેનો સંઘર્ષ કરનાર મહાન કવિ તેમજ તત્વચિંતકનું નામ જણાવો.
(A) પ્લેટો (B) એરીસ્ટોટલ (C) સોક્રેટિસ (D) બ અને ખ બંને

29. જે ચિંતનને સારી રીતે દ્રવીભૂત કરે છે, એટલેકે પીગળાવે છે તે શું છે?
(A) સૌંદર્ય (B) આનંદ (C) રસવૃત્તિ (D) અનુભવ

30. “કલાએ અનુકરણ અને નિમ્નકક્ષાનો વ્યાપાર છે” આ શબ્દો કયા તત્વચિંતકના છે?
(A) એરીસ્ટોટલ (B) પ્લેટો (C) ક્રોચ (D) કેન્ટ

31. જેના જ્ઞાનથી અલૌકિક આનંદની અનુભૂતિ થાય, તે શું?
(A) સુંદરતા (B) રમણીયતા (C) આહલાદકતા (D) લલિતકલા

32. શિલ્પ, આધ્યાત્મિક સમાજ અને કલાએ ત્રણેયનો ત્રિવેણીસંગમ કઈ કલાકૃતિમાં રજુ થાય છે?
(A) ખજૂરાહોના મંદિર (B) તાજમહેલ (C) બંને (D) એકપણ નહિ

33. જે કામ વાણીથી સારી રીતે થઇ શકે તે વિદ્યા, પરંતુ મૂંગું માણસ પણ સારી રીતે કરી શકે તે શું છે?
(A) વેપાર (B) કલા (C) નોકરી (D) કારીગરી

34. સૌથી પુરાણી અને કાળજીપૂર્વક રચાયેલી કલા કઈ છે?
(A) નૃત્યકલા (B) ચિત્રકલા (C) સંગીતકલા (D) સાહિત્યકલા

35. સૌંદર્યશાસ્ત્ર કઈ પદ્ધતિનો ઉપયોગ કરે છે?
(A) સર્જનાત્મક (B) ચિંતનાત્મક (C) સમીક્ષાત્મક (D) ટીકાત્મક

36. કલાકૃતિની રચના યોગ્ય પ્રમાણસર અને વ્યવસ્થિત હોય તે કલાકૃતિ કેવું મૂલ્ય ધરાવે છે?
(A) ઇન્દ્રિયજન્યમુલ્ય (B) આકારગતમુલ્ય (C) જીવનમુલ્ય (D) બધાજ

37. સામાન્યકલા જાણકાર કલાકારને તે કામ કરવાથી આજીવિકા પ્રાપ્ત થાય છે?
(A) માનવરચિત (B) પ્રાકૃતિક (C) કુદરતી (D) બધી

38. જે કલા દ્રશ્યાત્મક છે અને કર્ણેન્દ્રીયને આનંદ આપે છે તે કલા કયા પ્રકારની છે?
(A) દ્રશ્ય-શ્રાવ્યકલા (B) સાહિત્યકલા (C) મિશ્રકલા (D) બધી

39. કઈ કલાનો અર્થ સુંદર થાય છે?
(A) સામાન્યકલા (B) લલિતકલા (C) બંને (D) એકપણ નહિ

40. કોના મતે સતતત્વ એટલે સૌંદર્ય.
(A) ટાગોર (B) વિવેકાનંદ (C) ગાંધીજી (D) વિનોબા ભાવે

41. કોઈપણ પ્રકારનું સ્વયં સ્ફુરણાત્મક જ્ઞાન એટલે કલા એવું માનનાર ચિંતક કયા છે?
(A) પ્લેટો (B) ક્રોચ (C) બંને (D) કેન્ટ

42. ટાગોરના સાહિત્યમાં કયા મહાન ગ્રંથની અસર જોવા મળે છે?
(A) ઉપનિષદ (B) રામાયણ (C) મહાભારત (D) વેદ

43. કલાએ અક્કલ વગરની નકલ નથી એવું માનનાર ગ્રીક તત્વચિંતક કયા છે?
(A) એરીસ્ટોટલ (B) સોક્રેટિસ (C) પ્લેટો (D) સોફિસ્ટો

44. પોતાના સમયમાં વૈચારિકઋષિનું સ્થાન મેળવનાર તત્વચિંતકનું નામ જણાવો.
(A) વિવેકાનંદ (B) દયાનંદ (C) ટાગોર (D) ગાંધીજી

45. ગાંધીજીના જીવન અને કાર્યમાંથી પ્રેરણા લઈ લખેલું ઉમાશંકર જોષીનું પ્રથમ કાવ્ય કયું?
(A) વિશ્વશાંતિ (B) એકાંત (C) વિશ્વએકતા (D) વિશ્વપ્રેમ

46. વિશ્વવિખ્યાત પુસ્તક “ગીતાંજલિ”ના રચયિતા કોણ છે?
(A) ગાંધીજી (B) રવિન્દ્રનાથ ટાગોર (C) વિનોબા ભાવે (D) વિવેકાનંદ

47. ભારતીય સૌંદર્યશાસ્ત્રીઓએ આત્માની સાથે આત્મમંદિર-શરીરનો વિચાર કયા ગ્રંથમાં રજુ કર્યો છે?
(A) મનુસ્મૃતિ (B) કામસૂત્ર (C) જૈનગ્રંથો (D) બૌદ્ધગ્રંથો

48. કયા વેદમાં પ્રકૃતિનું સુંદર વર્ણન છે?
(A) ઋગ્વેદ (B) સામવેદ (C) યજુર્વેદ (D) અથર્વવેદ

49. વેદાંત અનુસાર બ્રહ્મનું સ્વરૂપ કેવું છે?
(A) સચ્ચિદાનંદ (B) નિર્ગુણ (C) સગુણ (D) એકપણ નહિ

50. કોના માટે અનુકરણ એટલે સર્જન.
(A) પ્લેટો (B) એરીસ્ટોટલ (C) સોક્રેટિસ (D) કેન્ટ